






સેલફોન હેકિંગ મામલે કોંગ્રેસના નેતાઓ આજે રાજભવન નજીક દેખાવો કરવાના હોવાથી પોલીસે તેમને અટકાવી અટકાયત કરી લીધી હતી. પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમીત ચાવડાની આગેવાનીમાં આજે કોંગ્રેસના વિપક્ષી નેતા પરેશ ધાનાણી, ભરતસિંહ સોલંકી તેમજ પ્રદેશ હોદ્દેદારો નીશીત વ્યાસ, લાખાભાઈ ભરવાડ, ડૉ. સી.જે. ચાવડા, હિમાંશુ પટેલ, પૂર્વ કાઉન્સીલરો ચીમનભાઈ વિંઝુડા, શૈલેન્દ્રસિંહ બિહોલા સહિત અનેક કાર્યકરો જોડાયા હતા. આ આગેવાનોએ રાજ્યપાલશ્રીને આવેદનપત્ર પણ આપ્યુ હતુ.

# મોટી ભોંયણ ફોર્ચ્યુન બિલ્ડર્સની સાઈટ પર ભુગર્ભ ટાંકીમાંથી બાયો ડીઝલનો જથ્થો ઝડપાયો

### ભુગર્ભ ટાંકીમાં ૪ હજાર લીટર બાયો ડિઝલનો જથ્થો હતો, બિલ્ડર દ્વારા પોતાના સાધનોમાં બાયો ડિઝલનો ઉપયોગ કરવામાં આવતો હતો

ગાંધીનગર જિલ્લાના મોટી ભોંયણ ગામની સીમમાં ફોર્ચ્યુન બિલ્ડર્સ નામની સાઈટ પર ભુગર્ભ ટાંકીમાં રાખવામાં આવેલ ગેરકાયદેસર બાયો ડીઝલનો જથ્થો એલસીબી પોલીસે ઝડપી પાડ્યો છે. બિલ્ડર પોતાના સાધનોમાં નોઝલ વડે બાયો ડિઝલ ટાંકીમાંથી ભરતા હતા. એલસીબી પોલીસે ૪ હજાર લિટર બાયો ડિઝલ કિં. ૨.૪૦ લાખનો જથ્થો સીઝ કરીને બિલ્ડર સામે સાંતેજ ખાતે ગુનો નોંધાવી આગળની તપાસ હાથ ધરી છે.

એલસીબી પીઆઈ જે.જી. વાઘેલાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ ડી.એસ.રાઓલ તેમજ ટીમના સભ્યો પેટ્રોલીંગમા હતા તે સમયે એ.એસ.આઈ. ધર્મેન્દ્રસિંહ રાજુસિંહ તેમજ અનોપસિંહ બળવંતસિંહને ખાનગી રાહે બાતમી મળી હતી કે મોટી ભોયણ ખાતે આવેલી ઉમાશ્રી ટેક્સ પ્લાન્ટની કંપનીની બાજુમાં ફોર્ચ્યુન બિલ્ડર્સ નામની સાઈટ પર લોખંડની ભુગર્ભ ટાંકીમાંથી બાયો ડીઝલ (જવલનશીલ પ્રવાહી)નો જથ્થો ભરેલો છે.એલસીબીની ટીમે સ્થળ પર રેઈડ કરતા તે પણ ભુગર્ભ



ટાંકી જોઈને ચોંકી ઉઠયા હતા. ભુગર્ભ ટાંકીમાં ૪ હજાર લીટર બાયો ડિઝલનો જથ્થો હતો તે લોખંડની ટાંકીને પોલીસ દ્વારા સીઝ કરી દેવાઈ હતી. જયારે નોઝલ વડે ટાંકીમાંથી સાઈટ પર ઉપયોગમાં લેવાતા સાધનોમાં બાયો ડિઝલનો ઉપયોગ થતો હોવાનું ધ્યાને આવ્યું છે. બનાવ અંગે સાઈટના માલિક કિરીટ શંભુપ્રસાદ પટેલ (રહે. ૪૫-બી, અંબિકાનગર સોસાયટી વિભાગ-૨ હાઈ વે રોડ કલોલ જી.ગાંધીનગર) ની બાયો ડીઝલ રાખવા માટે પુછતાછ કરતા લાયસન્સ કે ફાયર સેફટીના સાધનો પણ ન હતા. પોલીસે બિલ્ડર કિરીટ પટેલ સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## સિવિલના તમામ વોર્ડ કાર્યરત... પરંતુ વીઆઈપી વોર્ડ બંધ કેમ..?

ગાંધીનગર, તા.૨૩

સમગ્ર રાજય સહિત પાટનગરમાં કોરોનાની બીજી લહેર આવતા જ ગાંધીનગર સિવિલ કેમ્પસમાં સ્થિત ૬૦૦ બેડની હોસ્પિટલને કોવીડમાં ફેરવી દેવામાં આવી હતી. તમામ વોર્ડમાં કોવીડના દર્દીઓથી ઉભરાઈ રહ્યા હતા. જયારે સિવિલ તંતર્ દ્વારા તમામ દર્દીઓને સારવાર આપવામાં આવી રહી હતી. મોટાભાગના દર્દીઓ ઓકિસજનની જરુરીયાતવાળા હોવાથી અન્ય દર્દીઓનો સમાવેશ કરી શકાતો ન હતો તેવી સ્થિતિ ઉભી થવા પામી હતી. પરંતુ કોરોનાનું સંક્રમણ ઘટતા સિવિલ તંત્રનું ભારણ ઘટ્યું હતું. છેલ્લા કેટલાક દિવસથી કોરોનાના દર્દીઓ નહીવત હોવાથી માત્ર પાંચમા માળે કોવીડ દર્દીઓને સારવાર આપવામાં આવે છે. તો બીજીતરફ સરકારની સુચના અનુસાર નોન કોવીડ વિભાગની કામગીરી છેલ્લા કેટલાક સમયથી બંધ હતી તે ફરીવાર શરુ કરી દેવાઈ છે. ત્યારે ૬૦૦ બેડની હોસ્પિટલમાં તમામ વિભાગના વોર્ડ તેમજ ઓપરેશન થિયેટર કાર્યરત કરી દેવામાં આવ્યા છે. પરંતુ ૬૦૦ બેડમાં ગ્રાઉન્ડ ફલોર પર આવેલ સ્પેશ્યલ રૂમના વીઆઈપી વોર્ડને કેમ શરુ કરવામાં આવ્યો નથી તે વાત કોઈને સમજાતી નથી. ગાંધીનગર પાટનગર હોવાથી સરકારી બાબુઓની સિવિલમાં દરરોજની સેવાઓ રહેતી હોય છે. ત્યારે આ પરિસ્થિતિમાં સેવાઓમાંથી મુકિત મેળવવા માટે સિવિલ તંત્ર દ્વારા આ નવી તરકીબ અપનાવી હોય તેમ લાગી રહ્યું છે. પરંતુ આ તરકીબને પગલે અન્ય દર્દીઓને ભારે હેરાનગતિ વેઠવાનો વારો આવ્યો છે. વીઆઈપી વોર્ડમાં રૂમના પૈસા ખર્ચીને જે વ્યકિત સારવાર લઈ શકે છે તે દર્દીઓને વોર્ડમાં રહેવું પડે છે. જયારે જે દર્દીઓને સ્પેશ્યલ રૂમની જરુર છે તેવા દર્દીઓ અમદાવાદ કે અન્ય ખાનગી હોસ્પિટલમાં સારવાર કરાવે છે. ત્યારે સિવિલમાં વીઆઈપી વોર્ડ તાત્કાલીક અસરથી શરુ કરવામાં આવે તેવી નાગરીકો માંગ ઉઠવા પામી છે.


# શહેરના બગીચાઓમાં વ્રત નિમિત્તે બાળાઓની ભીડ

ગાંધીનગર, તા.૨૩

મંગળવારથી શરૂ થયેલા ગૌરીવ્રત, જયા પાર્વતીના વ્રતની ઉજવણીમાં નાની બાળાઓ દરરોજ બગીચાઓમાં પ્રવેશ મળી રહ્યા છે. મહાત્મા મંદિર નજીક સ્વર્ણિમ પાર્કમાં સાંજના સમયે નાની બાળાઓને લઈને માતા પિતા રંગબેરંગી થેલીમાં, ડબ્બામાં સૂકામેવા, ફળફળાદિ વગેરે ઉપવાસમાં ખવાતી વાનગીઓ ભરીને બાગ બગીચામાં જાય છે. સ્વર્ણિમ



સવારે ગોરમાની પૂજા અર્ચના કરે છે અને સાંજે બગીચામાં આનંદ માણે છે. સાંજ પડતા જ બાળાઓની માતા તેમજ બાળાઓ બાગ બગીચામાં રમતો રમી, લપસણી, હિંચકા, ચગડોળનો આનંદ માણી રહ્યા છે. શહેરના બાગ બગીચામાં રિનોવેશનની કામગીરી ચાલી રહી છે. જેથી શહેરમાં ગણ્યા ગાંઠયા બાગ આવતા નજરે ચડે છે. ઉપરાંત સેકટરોમાં હીંચકા, લપસણી, ચગડોળ, જેવી રમતો માટેના સાધનો તંત્ર દ્વારા મુકવામાં આવ્યા છે. તેથી નાની બાળકીઓ સાંજના સમયે આ બધી રમતોનો આનંદ માણી રહી છે. તમામ વ્રતો માત્ર મહિલાઓ જ કરે છે માટે જ કહેવાય છે કે નારી તું નારાયણી, વ્રત કરતી બાલિકાઓ નાની પાર્કમાં પણ હીંચકા, લપસણી, ચગડોળની વ્યવસ્થા રાખવામાં આવી છે જેથી વ્રતના પાંચ દિવસ સુધી નાની બાલિકાઓ રમતો રમવા માટે આવે છે. સૌથી વધારે ભીડ જાગરણના દિવસે થાય છે. મોડી રાત સુધી લોકો બાગ બગીચામાં અડ્ડો જમાવી દેતા હોય છે. આ દરમિયાન ફેરિયાઓને પણ કમાણી કરવાનો લહાવો મળી જાય છે.




## ઉમાશંકર જોશીના વ્યક્તિત્વ અને સાહિત્ય વિષયે વક્તવ્ય

ગાંધીનગરની સરકારી વિનયન કોલેજ ખાતે 'શ્રી ઉમાશંકર જોશી : સર્જક પ્રતિભા' વિષયે યોજાયેલા ઓનલાઈન વ્યાખ્યાનમાં અમદાવાદની ગુજરાત આર્ટસ એન્ડ સાયન્સ કોલેજના પ્રા. નિસર્ગ આહિર દ્વારા મનનીય વક્તવ્ય આપવામાં આવ્યું હતું. આ વક્તવ્યમાં તેમણે ઉમાશંકર જોશીના વ્યક્તિત્વ અને સાહિત્યનો રસલક્ષી ઉઘાડ કરી આપ્યો હતો. કાર્યક્રમમાં આચાર્ય ડૉ. અનુપા ચૌહાણે સ્વાગત પ્રવચન કર્યુ હતુ. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ જોડાયાં હતા.

## શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ માટે આઈટીઆઈ (ફાયરમેન)માં કારકીર્દિની ઉત્તમ તક

કોલેજ ઓફ સેફટી એન્ડ ફાયર ટેકનોલોજીમાં ઉપલબ્ધ ધો. ૧૦ અને ધો. ૧૨ (આર્ટસ, કોમર્સ) પાસ વિદ્યાર્થીઓ માટે ત્વરિત નોકરી અને આકર્ષક કારકીર્દિની શ્રેષ્ઠ તક

ભારતમાં ફાયર ટેકનોલોજી અને સેફટીનાં ક્ષેત્રમાં ઉચ્ચ શિક્ષણ પુરૂ પાડતી જૂજ સંસ્થાઓ પૈકીની એક અને છેલ્લા ૨૦ વર્ષથી કાર્યરત કોલેજ ઓફ સેફટી એન્ડ ફાયર ટેકનોલોજી (સીઓએફટી)માં આઈટીઆઈ (ફાયરમેન)નો અભ્યાસક્રમમાં પ્રવેશ ચાલુ છે. ધો. ૧૦ અને ધો. ૧૨ આર્ટસ/કોમર્સ પાસ વિદ્યાર્થીઓ આ કોર્સમાં પ્રવેશ મેળવી ફાયર અને સેફટી ટેકનોલોજીનાં ક્ષેત્રમાં આકર્ષક કારકીર્દિ બનાવી શકે છે. કોવિડ-૧૯ મહામારીમાં ચાલુ વર્ષે ગુજરાત સરકારે ધો - ૧૦ અને ધો - ૧૨ના વિદ્યાર્થીઓને માસ પ્રમોશન જાહેર કરેલ હોવાથી આઈટીઆઈ (ફાયરમેન)માં ઉપલબ્ધ સીટોની સામે વિદ્યાર્થીઓની સંખ્યા ખુબ જ વધારે છે તેથી વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ મેળવી સીટ મેળવી લેવી હિતાવહ છે. અમદાવાદ જિલ્લામાં ઓટોમોબાઈલ હબ તરીકે ઓળખાતા સાણંદ પાસે આવેલી સીઓએફટી ભારતની એક માત્ર એવી સંસ્થા છે કે જેમાં વિદ્યાર્થીને ગુજરાત યુનિવર્સિટીની B.Sc. (Fire & Safety) ની ડિગ્રી પણ મળે છે. આ સંસ્થામાં ગુજરાતનાં કે ગુજરાત બહારનાં વિદ્યાર્થીઓને રહેવા માટે હોસ્ટેલની સુવિધા પણ ઉપલબ્ધ છે.

## બાળકોની તંદુરસ્તી...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લા પંચાયત પ્રમુખ દિલીપભાઈ પટેલે પ્રાસંગિક ઉદ્બોધનમાં જણાવ્યુ હતુ કે બાળકોના કાયદાનુ ઉલ્લંઘન ન થાય તે જોવુ ખુબ જરૂરી છે. તેમણે બાળકોના શ્રેષ્ઠ હિત માટે ભાવિ આયોજન સમયાંતરે બેઠકો યોજી કરવામાં આવે તેમજ બાળકના વિકાસ માટે સુરક્ષિતતાનુ વાતાવરણ સ્થાપિત કરવા આપણે સૌએ વધુ સક્રિયતા સાથે કાર્યરત થવુ પડશે. આ બેઠકમાં બાળ આયોગના અધિકારીઓ, અધિક નિવાસી કલેક્ટર સુશ્રી રિતુ સિંઘ, જિ.પં. પ્રમુખ દિલીપભાઈ પટેલ, મહિલા બાળ વિકાસ સમિતિના અધિકારીઓ તેમજ તા.પં.ના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સુંદરપુરા રામજી મંદિરમાં આજે ગુરૂપૂર્ણિમા મહોત્સવની ઉજવણી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૩

કોરોનાના કારણે સોશ્યલ ડિસ્ટન્સ જળવાય તેવા ઉદ્દેશ્ય સાથે અન્નક્ષેત્ર બંધ રાખવામાં આવ્યું છે. તમામ ભક્તજનોને ફરજીયાત માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સ જાળવવા



બાયડ તાલુકાના સુંદરપુરા રામજી મંદિરમાં આજે ગુરૂપૂર્ણિમા મહોત્સવની આસ્થા સાથે ઉજવણી થશે. ૩ દિવસની ગુરૂ પૂર્ણિમાની પૂર્ણાહૂતિ કરાશે. કોરોનાના કારણે તાકીદ કરવામાં આવી છે.

અયોધ્યા ધામ તરીકે ઓળખાતા બાયડના સુંદરપુરામાં પુનમ તેમજ ગુરૂપૂર્ણિમાના દિવસે દર વર્ષે હજારો શિષ્યો ગુરૂનાં દર્શન માટે ઉમટી પડતા હોય છે પરંતુ પાછલા ૨ વર્ષથી કોરોનાનું સંક્રમણ વધતાં શિષ્યો કોરોનાથી ચેપગ્રસ્ત ન બને તે માટે મર્યાદિત સંખ્યામાં શિષ્યોને દર્શન આપી ગુરૂપૂર્ણિમાના પાવન પર્વની ઉજવણી થાય છે. પરમ પૂજ્ય અયોધ્યાદાસજી મહારાજના સૂક્ષ્મ આશીર્વાદથી શ્રીશ્રી ૧૦૦૮ શ્રી કેશવદાસ મહારાજના સાનિધ્યમાં અયોધ્યા ધામ સુંદરપુરામાં તા.૨૨ જુલાઈથી ગુરૂપૂર્ણિમા મહોત્સવની ઉજવણી શરૂ થઈ છે. કોરોનાના કારણે સાગમટે શિષ્યોની ભીડ ઉમટે નહીં તે માટે ૩ દિવસ દર્શન નિર્ધારીત કરાયા છે. આજે શનિવારે સવારે ૮-૦૦ થી ૧૨-૦૦ અને બપોરે ૨-૦૦ થી ૬-૦૦ દરમ્યાન તેમના સાનિધ્યમાં ગુરૂપૂર્ણિમા મહોત્સવ સંપન્ન થશે.

## મોડાસા ખાતે ઉજવાશે ભવ્ય ગુરુપૂર્ણિમા મહોત્સવ

ભારતિય સંસ્કૃતિમાં માનવ જીવનમાં ગુરુ શિષ્ય સંબંધ અગત્યનું મહત્વ ધરાવે છે. માતા પિતા બાળકને જન્મ પછી પોષણ આપી ઉછેરે છે. શિલ્પકાર જેમ પથ્થરને ઘડીને સુંદર પ્રતિમા બનાવે છે. તેમ સાચા ગુરુ આત્મજાગૃતિનું જ્ઞાન આપીને શિષ્યને સન્માર્ગે ચાલવા સાચી દિશાધારા બતાવે છે. માનવ મનમાં વ્યાપેલ બુરાઈઓને દૂર કરવા ગુરુ જન સમાજના કલ્યાણ માટે જીવન જીવે છે. ગુરુના સ્થૂળ શરીર કરતાં એમની વિચારધારા ખૂબજ મહાન હોય છે.

ગાયત્રીના સિદ્ધ સાધક, તપસ્વી, લેખક, સ્વાતંત્ર્ય સેનાની, વિશ્વભરના માનવી માટે જેમના હ્યદયમાં કરુણા રહી છે. એવા ગુરુ પંડિત શ્રી રામ શર્મા આચાર્યજીએ એજ મંત્ર આપ્યો પૂજા મારી નહી, મારા વિચારોની કરો. મારા સિદ્ધાંતો ,નિતિઓનું પાલન કરો. મારા વિચારોને જન જન સુધી પહોંચાડી માનવતાની સેવામાં લાગી જાઓ એજ મારા શિષ્યોની ગુરુ દક્ષિણા છે. ગાયત્રી પરિવારના અગ્રણી હરેશ કંસારાના અનુસાર આવી રહેલ ૨૪ જુલાઈ, શનિવારે ગુરુ શિષ્ય વચ્ચેના અનેરા ગુરુપૂર્ણિમાનો આ ભવ્ય ઉત્સવ ગાયત્રી ચેતના કેન્દ્ર,મોડાસા દ્વારા સમગ્ર ક્ષેત્રમાં ઉજવાશે. કોરોનાની મહામારીને ધ્યાનમાં રાખીને આ ઉત્સવ સામૂહિક નહીં પણ પારિવારીક-વ્યક્તિગત ઉજવાશે. આસપાસના ગામોના ઘેર ઘેર પોતાના પરિવારના સદસ્યો આ પવિત્ર દિવસે પોતાના ઘેર ધ્યાન, મંત્રજાપ, ગાયત્રી યજ્ઞ, દિપયજ્ઞમાં આહુતિ આપી પોતાના જીવનમાં લીધેલ ગુરુદિક્ષા સમયના સંકલ્પોને યાદ કરી પોતાના જીવનમાં પુનઃ સંકલ્પિત થશે.

### જળપ્રલય

● અનુસંધાન પહેલાનું ચાલુ

બીજી તરફ રાયગઢના તલઇ ગામમાં ૩૫ ઘરો પર ભૂસ્ખલન થયુ હતુ જેને કારણે ૩૨ લોકોના મોત થયા છે જ્યારે ૭૦થી વધુ લોકો લાપતા થયા છે.

રત્નાગિરી જિલ્લામાં જગબુડી નદી ખતરાના નિશાનથી ૨ મીટર અને વશિષ્ઠ નદી ખતરાના નિશાનની નજીક એક મીટર ઉપર વહી રહી છે. કજલી, કોડાવલી, શાસ્ત્રી અને બાવંડી નદીએ પણ ખતરાના નિશાનને પાર કરી લીધો છે. કુંડલિકા, અંબા, સાવિત્રી, પાતાલગંગા, ગઢી અને ઉલ્હાસ નદી પણ ચેતવણીના સ્તર પર વહી રહી છે.

વરસાદને કારણે કોંકણ રેલ રૂટ પર કેટલીક જગ્યાએ લેન્ડસ્લાઇડ થઇ છે. રત્નાગિરી જિલ્લામાં વરસાદને કારણે રેલ સર્વિસ બંધ થઇ ગઇ હતી, તેનાથી અલગ-અલગ જગ્યાઓ ઉપર આશરે ૬ હજાર મુસાફર ફસાયેલા છે, તેમણે બહાર કાઢવા માટે દ્રઢ્ઢઈદ્બની ટીમોને લગાવવામાં આવી છે.

છેલ્લા ૨૪ કલાક દરમિયાન મહારાષ્ટ્રના ચિપલૂન, કોલ્હાપુર, સતારા, અકોલા, યવતમાલ, હિંગોલી જિલ્લામાં ભારે વરસાદ પડ્યો છે. ચિખલી વિસ્તારમાં ભારે વરસાદને કારણે લોકોના ઘરમાં પાણી ભરાઇ ગયુ છે. અહી પણ દ્રઢ્ઢઈદ્બની ટીમ રેસક્યૂ કરી રહી છે.

ઉલ્લેખનીય છે કે મહારાષ્ટ્રમાં અત્યારે અતિભારે વરસાદ પડી રહ્યો છે. જેના કારણે જનજીવન ખોરવાયું છે. સતારાના મહાબળેશ્વર હિલ સ્ટેશન પર ૪૮૦ એમએમ વરસાદ નોંધાયો છે. જે ૪૫ વર્ષનો રેકોર્ડ બ્રેક કરી ચૂક્યો છે. મહાબળેશ્વરના સતારાથી સંપર્ક તૂટ્યો છે કેમકે બંનેને જોડતો રસ્તો પૂરમાં વહી ચૂક્યો છે.

મહારાષ્ટ્રમાં વરસેલા મુશળધાર વરસાદથી જળબંબાકારની સ્થિતિ સર્જાય છે. સાથે જ અનેક જિલ્લામાં જનજીવન પ્રભાવિત થયું છે. થાણે, રાયગઢ, રત્નાગીરી, સિંધુદુર્ગ અને કોલ્હાપુર સહિતના પાંચ જિલ્લામાં મેઘતાંડવથી હજારો લોકોનું જનજીવન અસ્તવ્યસ્ત થયું છે. મુશળધાર વરસાદથી મહારાષ્ટ્રની લગભગ તમામ નદીઓ ગાંડીતૂર બની છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે મહારાષ્ટ્રના રાયગઢ જિલ્લામાં ભારે વરસાદ અને ભૂસ્ખલનના લીધે બનેલો બનાવ દુઃખદ બાબત છે. મેં આ અંગે મુખ્યપ્રધાન ઉદ્ધવ ઠાકરે અને એનડીઆરએફના ડીજી એસએન પ્રધાન સાથે વાત કરી છે. એનડીઆરએફની ટીમ રાહત અને બચાવકાર્યમાં લાગેલી છે. કેન્દ્ર ત્યાં શક્ય તેટલી બધી મદદ કરી રહ્યું છે.

મહારાષ્ટ્રના મુખ્યપ્રધાન ઉદ્ધવ ઠાકરેએ જણાવ્યું હતું કે રાયગઢ જિલ્લાના તલાઈ ગામમાં ભૂસ્ખલનના લીધે કેટલાય લોકોએ જીવ ગુમાવ્યા છે. કેટલાય સ્થળે બચાવકાર્ય જારી છે. મેં લોકોને નીકાળવાની સાથે ભૂસ્ખલન પ્રભાવિત ક્ષેત્રોમાં રહેતા લોકોને બીજે સ્થળાંતર કરવાનો આદેશ આપ્યો છે.

### હંગામા બાદ

● અનુસંધાન પહેલાનું ચાલુ

કોરોના હજી સમાપ્ત નથી થયો. તમે લોકો જનતાના પ્રતિનિધિ છો. જો તમે જ આ પ્રકારનું આચરણ કરશો તો લોકોમાં શું સંદેશ જશે.

ઓમ બિરલાએ સાંસદોને કહ્યું કે, કોરોનાના નિયમોનું પાલન કરો. તમે માસ્ક નીકાળીને નારા બોલાવી રહ્યા છો. આ યોગ્ય નથી. પોતાની સીટ પર બેસો, તમને ચર્ચા કરવાની તક આપીશ. હોબાળો રોકાયો નહીં તો લગભગ ૧૧.૧૫ વાગ્યે સંસદની કાર્યવાહી બપોરે ૧૨ વાગ્યા સુધી સ્થગિત કરી દેવામાં આવી. કાર્યવાહી ફરીથી શરુ થઈ ત્યારે પણ સ્થિતિ અકબંધ રહી. પીઠાસીન સભાપતિ કિરીટ સોલંકીએ સભ્યોને પોતાના સ્થાન પર જવાનો આગ્રહ કર્યો પરંતુ સભ્યોએ હોબાળો ચાલુ રાખ્યો.

પીઠાસીન સભાપતિએ કાર્યવાહી આખા દિવસ માટે સ્થગિત કરી દીધી. શનિવાર અને રવિવારના રોજ રજા હોવાને કારણે આગામી કાર્યવાહી સોમવાર, ૨૬ જુલાઈના રોજ થશે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ